SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-4, October to December: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ગુજરાતી સાહિત્યમાં અસ્તિત્વવાદ

ડૉ. દિનેશ એમ. ગોહેલ

સારાંશ :

પ્રસ્તુત આર્ટિકલમાં ગુજરાતી સાહિત્યમાં અસ્તિત્વવાદ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ રહ્યો છે. અહીં વિવિધ વાદો પૈકી 'અસ્તિત્વવાદ'ને મુલવવાનો એક નાનકડો પ્રયાસ કર્યો છે. સાહિત્ય ની વિવિધ કૃતિઓમાં અસ્તિત્વવાદી નિરૂપણ થતું રહ્યું છે. આધુનિક કવિતા અને નવલકથામાં અસ્તિત્ત્વવાદી વિચારધારાનું પ્રતિબિંબ જોવા મળે છે. 'મરણોત્તર', 'છિન્નપત્ર', 'આકાર અને પેરેલિસીસ', 'ચહેરા', જેવી કૃતિઓમાં અસ્તિત્ત્વવાદી મનોમંથન પ્રગટતું જોવા મળે છે.ગુજરાતી કવિતા, નાટક, નવલકથા, એબ્સર્ડ નાટકો વગેરેમાં અસ્તિત્ત્વવાદી વિચારધારાનું પ્રતિબિંબ પડતું જોવા મળે છે

Key-words : અસ્તિત્ત્વવા,નાસ્તિક, વિરતિ,અભિજ્ઞાતા,ચહેરા

સાહિત્ય એ સમાજનું દર્પણ છે. ગુજરાતી સાહિત્ય સ્વરૂપના મુખ્ય બે પ્રકારો ગધ અને પધ છે. સાહિત્ય પ્રકાર (Literary Kind) અને સાહિત્ય સ્વરૂપ (Literary Genre) બંને એક વસ્તુ નથી. બંને વચ્ચે તાત્વિક ભેદ છે. સાહિત્ય સ્વરૂપ એટલે સંવિધાન કલાનાં સંસ્કાર વડે જે તે સાહિત્યમાં સિદ્ધ કરવામાં આવતી રસાનુભવની કોટિ -રસકીય કોટી. જ્યારે સાહિત્ય પ્રકાર એટલે સાહિત્ય સ્વરૂપોમાં સર્વ સામાન્ય વર્ગીકરણ માટેનો ખ્યાલ, સાહિત્ય પ્રકાર સંસ્થારૂપ છે, સાહિત્ય સ્વરૂપો એના આશ્રિત રૂપ છે. એટલે કે મહાકાવ્ય, આખ્યાનકાવ્ય, ખંડકાવ્ય, ટ્રેજેડી (Tragedy) , કોમેડી (Comedy), ફાર્સ, મેલો ડ્રામા, એકાંકી, નવલકથા, લઘુનવલ, નવલિકા વગેરે સાહિત્ય સ્વરૂપો છે. ૨૦મી સદીમાં જે વિવિધ કલા આંદોલનો ઉદભવ્યા તેમાં સૌથી વ્યાપક કલા આંદોલન તરીકે અસ્તિત્વવાદને ગણાવી શકાય. અહીં વિવિધ વાદો પૈકી 'અસ્તિત્વવાદ'ને અહીં મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પ્રથમ વિશ્વયુદ્ધની વિભીષીકાને પરિણામે યુરોપના બુદ્ધિજીવીઓને એક નવો શબ્દો મળ્યો 'The lost Generation' - ખોવાયેલી પેઢી, તો બીજા વિશ્વયુદ્ધને અંતે એક બીજો શબ્દ સાંપડ્યો 'અસ્તિત્વવાદ' ( Existentialism)ની ચર્ચા એક યા બીજી રીતે આદિકાળથી થતી આવી છે, પરંતુ તેને એક વિચારધારા તરીકે ડેનિશ ફિલસૂફ લોરેન્સ કિર્કેગાર્ડ સ્થાપિત કરે છે. અસ્તિત્વવાદના આદ્ય પ્રવર્તક બનેલા કિર્કેગાર્ડ ૧૯મી સદીનાં પૂર્વાર્ધ દરમિયાન અસ્તિત્વવાદનો પાયો નાખે છે. પૂર્વે જડ કે ચેતન તમામ પદાર્થોના અસ્તિત્વ માટે 'Existence' શબ્દ યોજાયો હતો, તેને વિશેષ અર્થમાં માત્ર મનુષ્યના નિર્જીવ પદાર્થના અસ્તિત્વની જ ચર્ચા કરવાનું યોગ્ય મનાયું કિર્કેગાર્ડથી માંડીને સાર્ત્ર સુધીનાં અસ્તિત્વવાદી ચિંતકો માણસના અસ્તિત્વ પર ભાર મૂકે છે અને સાથો સાથ ઈશ્વર તથા મનુષ્યના સંદર્ભમાં પણ અસ્તિત્વવાદની વિચારણા કરે છે. એ અસ્તિતવાદી વિચારધારા પછીથી સાર્ત્ર , કામૂ, કાફકા, હેમિંગવે જેવા સર્જકોના સર્જનમાં ઝિલાતી જોવા મળે છે. કામુની ' The Outsider' સેમ્યુઅલ બેકેટની 'Waiting For Godo' કાફકાની 'The Casal' કે સાર્ત્રની 'Nosia' જેવી કૃતિઓમાં અસ્તિતવાદી વિચારધારનો પડઘો પડતો જણાય છે. પશ્ચિમની સાહિત્ય કૃતિઓમાં પ્રગટ થતાં અસ્તિત્વવાદી વિચાર વલણો પછીથી ગુજરાતી સાહિત્યમાં પણ ઝિલાય છે.

ગુજરાતી સાહિત્યમાં અસ્તિત્વવાદ :

અસ્તિત્વવાદી વિચારોકોના મુખ્ય બે વર્ગો છે. એક તો યેસપર્સ અને ગ્રેબિયલ માર્શલ જેવા આસ્તિકોનો અને બીજો સાર્ત્ર અને હાઈડેગર જેવા નાસ્તિકોનો. ' નાસ્તિક' કહેવાતો વર્ગ એમની સમસ્ત વિચારણાના આધારરૂપ એક સૂત્ર યોજે છે કે " અસ્તિત્ત્વ પહેલું, દ્રવ્ય પછી" અંગ્રેજીમાં "Existence precedes Essence" સૂત્રરૂપે પોતાની વાત કરે છે.

સાર્ત્રના જ શબ્દો જોઈએ તો : " First of all, man exist, turn up, appears in the scene, and only afterwards, defines himself" અસ્તિત્ત્વવાદીઓને મન માનવી આરંભે શૂન્ય હોય છે. Nothing - અને પછી જીવવાની પ્રકિયા દરમિયાન તે કંઇક - Something બનતો આવે છે.

ગુજરાતી નવલકથા, કવિતા, નાટક, વગેરે સાહિત્યમાં માનવ મૂલ્યને શોધવા માટે ગુજરાતી સાહિત્યમાં વાદો જેવાકે કલ્પનાવાદ (Imagism), ઘનવાદ (Cubism), ભવિષ્યવાદ (Futurism), દાદાવાદ (Realism), અતિવાસ્તવાદ (Surrealism), અસ્તિત્ત્વવાદ (Existentialism), અભિવ્યક્તિ, પ્રયોગશીલતા, વિજ્ઞાનવાદ, બહુવાદ, સૌંદર્યનિષ્ઠતાવાદ, આધુનિકવાદ વગેરે વાદો ગુજરાતી સાહિત્યમાં ક્યાંકને ક્યાંક તેનો પ્રભાવ ઝિલાઈ છે.

આધુનિક ગુજરાતી સાહિત્યમાં કવિતા, નવલકથા, નવલિકા, એબ્સર્ડ નાટકો વગેરેમાં અસ્તિત્ત્વવાદી વિચારધારાનું પ્રતિબિંબ પડતું જોવા મળે છે. સુરેશી જોશી, ગુલાબ મોહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, સિતાંશુ યશચંદ્ર, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, પ્રિયંકાન્ત મણિયાર, જગદીશ જોષી, રાધેશ્યામ શર્મા,  જયોતિષ જાની જેવા અનેક કવિઓની કવિતામાં વિવિધ રીતે જેવી અભિજ્ઞાતાનું આલેખન થતું રહ્યું છે.

કવિતાની માફક ગુજરાતી નવલકથામાં પણ અસ્તિત્વવાદી નિરૂપણ થતું રહ્યું છે. નવલકથા ક્ષેત્રે સુરેશ જોશી, ચંદ્રકાંત બક્ષી, મધુરાય, રઘુવીર ચૌધરી વગેરે અનેક સર્જકોની આધુનિક નવલકથામાં અસ્તિત્ત્વવાદી વિચાર વલણો મુખર બનીને પ્રગટે છે. 'છિન્નપત્ર' માં સુરેશ જોશીએ નાયક-નાયિકાની એકલતા, વિફલતા અને વિરતિના સંવેદનોને ઊર્મિપ્રણિત સંવાદો દ્વારા ઉદ્દઘાટિત કર્યા છે. તેમજ તેમની 'મરણોત્તર' માં કથાનાયકને અસ્તિત્ત્વના અંશરૂપે પ્રત્યક્ષ થતાં મૃત્યુનું ચિંતન પ્રગટ થયું છે. લક્ષ્મીની 'આકાર અને પેરેલિસીસ' જેવી નવલકથાઓ પણ આ સંદર્ભે ધ્યાન પાત્ર બને તેવી છે. 'આકાર'નો નાયક યશશાહ જીવન પ્રત્યે બેપરવાહ છે અને આત્મહત્યા જ જિંદગીનો યોગ્ય અંત હોઈ શકે તેમ માને છે, તો 'પેરેલિસીસ'નો નાયક આરામશાહ, પણ અસ્તિત્ત્વની એકલતા, હતાશા, વિફળતા અનુભવે છે.

મધુરાયની 'ચહેરા' નવલકથા પણ આ દ્રષ્ટિએ નોંધપાત્ર છે. અહીં જિંદગીને નિર્લેપભાવે જોયા કરતો નાયક પોતાને જિંદગીની કશી જ પડી નથી એવો દેખાવ કરે છે. છેવટે અ-કુદરત જીવનથી કંટાળીને એ બધુંજ બાળી સળગાવીને હિમાલય તરફ નિકળી પડે છે. પોષક માફક ચહેરો બદલાય તો નાયક નિષાદ અવારનવાર અસામાન્ય કે આઘાતજનક વર્તન કરે છે.

રઘુવીર ચૌધરીની જાણીતી નવલકથા 'અમૃતા' માં પણ અનિકેત, ઉદયન અને અમૃતા જેવાં ત્રણ પાત્રોની અસ્તિત્ત્વવાદી પ્રતિક્રિયાનું આલેખન થયું છે. તેમજ રિકાન્તશાહની નવલકથા 'અસ્તિ' માં મનુષ્યનો અન્ય મનુષ્ય સાથેનો અન્વય કેવો તો દુષ્કર છે એનું નિરૂપણ થયું છે. આ ઉપરાંત હરિન્દ્ર દવેની 'પળના પ્રતિબિંબ', રાધેશ્યામ શર્માની 'ફેરો', રાવજી પટેલની 'અશ્રુઘર', ધીરૂબહેન પટેલની 'વાંસનો અંકુર' જેવી નવલકથાઓ કે લઘુનવલોમાં પણ ઓછેવતે અંશે અસ્તિત્વવાદી પ્રભાવ ઝિલાયેલો જોવા મળે છે.

નવલકથાની જેમ આધુનિક ગુજરાતી નવલિકા સાહિત્યમાં પણ અસ્તિત્વવાદી વિચારસરણીના પડઘા પડતાં જણાયા છે. અગ્રણી આધુનિક વાર્તાકાર સુરેશ જોશીના પ્રથમ વાર્તાગ્રંથ 'ગૃહપ્રવેશ'ની વાર્તાઓમાં માણસની પોકળતાને ખુલ્લી પાડવામાં આવી છે. તેમજ વાર્તાકારે માણસનાં મ્હોરાને હટાવીને એની અસલિયતને તથા વિકૃતિને પણ આલેખી છે. સુરેશ જોશીએ ટૂંકી વાર્તામાં ઘટના તત્વના વિરોધાનની હિમાયત કરવાની સાથે જ, એમની વાર્તાઓના પાત્રોના માધ્યમથી માણસનાં અસ્તિત્ત્વ વિષયક પ્રશ્નોનોને પણ છેડ્યા છે.

ચંદ્રકાન્ત બક્ષીની ટુંકી વાર્તાઓમાં પણ આજનાં માણસની અસહાયતા અને એમાંથી પ્રગટતી એની રુગ્ણ મનોદશા આલેખતી રહી છે. આધુનિક નગર સભ્યતા અને કૃત્રિમતાનો ભોગ બનેલાં બક્ષીનાં પાત્રો આ દષ્ટિએ વિશેષ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત મધુરાય, કિશોર જાદવ, સુધીર દલાલ, વિજયશાસ્ત્રી, સરોજ પાઠક વગેરેની વાર્તાઓમાં પણ યથાવકાશ અસ્તિત્વવાદી ખ્યાલોનું પ્રતિબિંબ ઝિલાતું રહે છે.

ગુજરાતી સાહિત્યનાં આધુનિક નાટકો પણ સ્વાભાવિક રીતે જ અસ્તિત્વવાદી પ્રભાવ ઝિલે છે. લાભશંકર ઠાકર અને સુભાષશાહનું 'એક ઉંદર અને જાદુનાથ', આદિલ મન્સૂરીની ' પેન્સિલની કબર અને મીણબતી', મુકુન્દ પરીખનું 'ચોરસ ઈંડા ને ગોળ કબરો', ચિનુ મોદીનું 'ડાયલના પંખી', રમેશશાહનું 'રેમનો ટીબી પેશન્ટ' જેવા એબ્સર્ડ એકાંકીઓમાં મનુષ્યજીવનની નિરર્થક રઝળપાટ, આજના માણસની વિસંગતી અને વિષમતા વગેરેનું બળકટ આલેખન થયું છે.

**ઉપસંહાર :**

આધુનિક ગુજરાતી કાવ્ય સાહિત્ય, કથા સાહિત્ય કે નાટ્ય સાહિત્ય ક્ષેત્રે અસ્તિત્ત્વવાદી વિચાર વલણો પ્રગટ થતાં રહ્યાં છે. છઠ્ઠા-સાતમાં દાયકામાં આપણી કવિતા, નવલકથા, નવલિકા, નાટક એમ વિવિધ સ્વરૂપોમાં અસ્તિત્ત્વવાદી વિચારધારા વ્યક્ત કરવાનું સર્જકોનું વલણ રહ્યું છે. આ પ્રકારની કૃતિઓમાં આપણાં સર્જકોએ મનુષ્યજીવનની નિરર્થકતા અને નિ:સારતા, એકલતા અને અસારતા, વિફલતા, અનાસ્થા અને અર્થ શૂન્યતાનું આલેખન થયું કર્યું છે. અલબત્ત, પશ્ચિમના જેવાં અસ્તિત્ત્વ ટકાવવામાં પ્રશ્નો કે પડકારોનો આપણે મુકાબલો કરવો પડ્યો નથી કે મૂલ્યો અને ઈશ્વરમાંથી શ્રદ્ધા પણ સાવ ડગી નથી, પરિણામે આપણાં સાહિત્યમાં અસ્તિત્ત્વવાદી વલણો વલણો સહજ સ્વાભાવિક ભાગ્યે જ બને છે.

**<u>સંદર્ભગ્રંથ સૂચિ :</u>**

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ- ગુજરાતી સાહિત્ય પરિષદ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૧ થી ૨૦૦૬

૨. ભારતીય સાહિત્યશાસ્ત્ર- ગણેશ દેશપાંડે, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૩

૩. વાસ્તવવાદ અને.......ડૉ.બિપિન આશર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૬

૪. સાહિત્યિકવાદ - સં. અમૃતલાલ યાજ્ઞિક, અનડા પ્રકાશન, દ્વિ.આ. ૧૯૮૮

૫. સાહિત્યમાં આધુનિકતા- શ્રીસનશાહ, પાર્શ્વ પ્રકાશન, દ્વિ.આ. ૨૦૦૬

૬. આધુનિકતા: એક સંકુલ સમપ્રત્યય- ડૉ.બિપિન આશર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૧૯૮૮

૭. સાહિત્ય અને સર્જન- ચંદ્રકાંત બક્ષી, નવભારત પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૧

૮. Preface Of Existence - Aristotle, Gala pub. 2nd Edi.1988